સત્યમેવ જયતે

પ્રાપ્તિ તારીખ :– ૦૭–૧૧–૨૦૧૭
નોંધણી તારીખ :– ૦૭–૧૧–૨૦૧૭
ફેંસલ તારીખ :– ૧૭–૦૧–૨૦૧૮

| અવધિ | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૨ | ૧૦ |

## જુનાગઢ જિલ્લાના મહે. ત્રિજા અધિક જિલ્લા જજ સાહેબશ્રીની કોર્ટમાં જુનાગઢ

**સ્પેશ્યલ દિવાની (ઈલે.) કેસ નં.૨૦૩/૨૦૧૭**
આંક : **૨૩**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**
નાયબ ઈજનેર,
ગાંધીગ્રામ પેટા વિભાગ,
મુ. જુનાગઢ — વાદી

–: **વિ રૂ ધ્ધ** :–

**ગુજ. પુંજાભાઈ કમાભાઈ પારઘીના વારસો,**
**ઘનશ્યામભાઈ પુંજાભાઈ પારઘી,**
ઉ. વ. આ. :–પુખ્ત, ધંધો :– વેપાર,
ધર્મ :–હિન્દુ,
રહે. :– પંકજભાઈની ઘંટી પાસે,
સત્યમ શેરી,
આંબેડકરનગર, જુનાગઢ — પ્રતિવાદી

ઈલેકટ્રિકસિટી એકટની કલમ–૧૫૪(૫) હેઠળ **રૂા.૪૧,૪૪૦–૪૨** પૈસા વસુલ મળવા

વાદી તરફે :– વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એન. એ. શેઠ

પ્રતિવાદી તરફે :– એક તરફી

## –:: ચુ કા દો ::–

**(૦૧)** વાદીની અરજીની ટુંક હકીકત એવી છે કે, વાદી સંસ્થા ગુજરાત રાજયના કાયદાથી રચાયલી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ છે. તેની રજી. અને કોર્પોરેટ

ઓફિસ પશ્ચિમ ગુજરાત વિજ સેવા સદન ''નાના મવા મેઈન રોડ, લક્ષ્મિનગર રાજકોટમાં આવેલ છે. જેની અન્ય ઓફિસ જિલ્લા કક્ષાએ આવેલ છે. વાદીની પેટા વિભાગીય ઓફિસ જુનાગઢ તાલુકાના જુનાગઢ ખાતે ગાંધીગ્રામ સબ ડિવિઝન છે. નાયબ ઈજનેર તેના વડા છે અને દાવો કરવા અધિકાર છે.

**(૧/૧)** તા.૩૦/૦૫/૨૦૧૬ના રોજ રાજકોટની ચેકીંગ સ્કોડ ધ્વારા જુનાગઢ ગાંધીગ્રામ સબ ડિવિઝન વિસ્તારમાં નોન–કન્ઝયુમર ગ્રાહક આ કામના પ્રતિવાદી હાલ હયાત નથી તેમના વારસદાર ઘનશ્યામભાઈ પુંજાભાઈ પારઘી જે મકાનમાં રહે છે મકાનની બાજુમાં નીકળતા પોલમાં લંગર નાખી પીળા કલરના વાયરથી બીન અધિકૃત રીતે ઘરમાં વિજ વપરાશ કરતા રંગે હાથ ઝડપાતા કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલી અને ચેકીંગ રોજકામ ઉપરથી વિજ ચોરી એકટ ૨૦૦૩ની કલમ–૧૩૫ હેઠળ વિજ ચોરીનું પુરવણી બીલ રૂા.૩૪,૫૩૩–૬૮ પૈસાનું તા.૩૦/૦૫/૨૦૧૬ના રોજ આપવામાં આવેલ.

**(૧/૨)** પાવર ચોરીની રકમ તથા રેગ્યુલર બીલની રકમ પ્રતિવાદીએ ભરપાઈ નહીં કરતા તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ નોટિસ આપવામાં આવેલ તેમ છતાં ભરપાઈ નહીં કરતા દાવાનું કારણ તારીખ ૧૪/૦૯/૨૦૧૭થી ઉત્પન્ન થયેલ છે. વાદીની પ્રતિવાદી પાસે રૂા.૩૪,૫૩૩–૬૮પૈસા વિજચોરી બીલની રકમ તેમજ રૂા.૬,૯૦૬–૭૪ પૈસા ડી.પી.સી. તા.૩૦/૦૫/૨૦૧૬થી તા.૩૦/૦૯/૨૦૧૭ સુધીના ગણતા, કુલ રૂા.૪૧,૪૪૦–૪૨ પૈસા બાકી રહે છે. નામદાર કોર્ટને દાવો ચલાવવા હકુમત છે. જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ છે. વાસ્તે દાવાવાળી રકમ માસીક બે ટકા લેખે ડી.પી.સી.ચાર્જ દાવાની તારીખથી રકમ વસુલ થતા સુધી અપાવવા અરજ ગુજારેલ છે.

**(૦૨)** પ્રતિવાદીને સમન્સ બજી જવા છતાં પ્રતિવાદી હાજર રહેલ નથી જેથી પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

**(૦૩)** વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

મૌખિક પુરાવો :–

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૯ | સાહેદ શ્રી નિતિનકુમાર પ્રેમજીભાઈ ગોહિલ, નાયબ ઈજનેરશ્રી |

દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | ૧૧ | વિજ જોડાણ તપાસણી અહેવાલ |
| ૦૨ | ૧૨ | સ્થળ રોજકામ |
| ૦૩ | ૧૩ | કબજે લીધેલ વસ્તુની યાદી |
| ૦૪ | ૧૪ | વિજ ચોરીનું કેલકયુલેશન સીટ |
| ૦૫ | ૧૫ | વિજ ચોરીનું પુરવણી બીલ |
| ૦૬ | ૧૬ | વિજ અધિનિયમ મુજબ આપેલ પુરવણી બીલ |
| ૦૭ | ૧૭ | નોટિસ |
| ૦૮ | ૧૮ | નોટિસ નહી સ્વીકારતા પરત ફરેલ કવર |
| ૦૯ | ૧૯ | લેઝર કોપી |
| ૧૦ | ૨૦ | કેસ હિસ્ટ્રી |
| ૧૧ | ૨૧ | દાવો દાખલ કરવાની મંજુરી |

**(૦૪)** પ્રતિવાદી સામેનું કામ એક તરફી હોય વાદીની ઉલટતપાસ કે પ્રતિવાદીના પુરાવાનો સવાલ રહેતો નથી. વાદીએ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. દલીલના તબકકે વાદીના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીની વિસ્તૃત દલીલ સાંભળવામાં આવેલી.

**(૦૫)** દાવાના નિર્ણય નીચે મુજબના મુદ્દા ઘડી કાઢેલ છે.

1 Whether Plaintiff is entitle to get Principal amount of Rs. 41,440-42 ps. as prayed for ?

2 Whether Plaintiff is entitle to get interest as prayed for ?

3 Whether Plaintiff proves the suit claim ?

4 Whether Plaintiff is entitle to get relief as prayed for?

5 What Order and Decree ?

**(૦૬)** ઉપરોકત મુદ્દાના કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** હકારાત્મક

**૨.** આંશિક હકારાત્મક

**૩.** હકારાત્મક

**૪.** આંશિક હકારાત્મક

**૫.** આખરી હુકમ મુજબ

## –: કા ર ણો :–

**(૦૭)** પ્રતિવાદી સામેનુ કામ એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે. વાદીએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પુરાવાકિય મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

મુદ્દા નંબર :–૧થી ૪ :–

**(એ)** વાદીએ પોતાના દાવાના સમર્થનમાં સોગંદ ઉપરનો પુરાવો રજુ કરી તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. પ્રતિવાદીને સમન્સ બજી જવા છતાં હાજર નહીં રહેતા તેમની સામેનુ કામ એકતરફી કરવામાં આવેલુ. દાવાના આખરી નિર્ણય સુધી પ્રતિવાદીએ પોતાનુ કામ દો તરફી કરાવી વાદીએ રજુ કરેલ પુરાવાનુ ખંડન કરેલ નથી કે તેનાથી વિરુધ્ધનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. જેથી કાયદાની દ્રષ્ટિએ વાદીએ રજુ કરેલ પુરાવો બીન પડકારરૂપ બની જાય છે અને તેવા સંજોગોમાં રજુ કરેલ સોગંદ ઉપરનો પુરાવો ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

**(બી)** વાદીએ માગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર થાય છે તેવુ સાબીત કરી શકેલ નથી. આમ છતાં, નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અન્વયે પ્રવર્તમાન બેન્ક વ્યાજ દર ધ્યાને લેતાં, વસુલ થતાં સુધી જો વાર્ષિક ૬% ટકા લેખે વ્યાજ ચૂકવવાનો આદેશ કરવામાં આવશે તો ન્યાયોચિત રહેશે તેમ માનવામાં આવે છે. બાકીની હકીકત ધ્યાને લેતાં વાદીએ રજુ કરેલ સોગંદ ઉપરના પુરાવાની હકીકત આંક–૧ની હકીકતને સમર્થન આપતી હોય મુદ્દા નં.૧થી ૪નો નિર્ણય નિર્ણિત કર્યા મુજબ ઠરાવી મુદ્દા નં.૫ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી દાવા મુજબની વિજ ચોરીની લેણી રકમ **રૂા.૪૧,૪૪૦–૪૨ અંકે રૂપિયા એકતાલીસ હજાર ચારસો ચાલીસ અને બેતાલીસ પૈસા** દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી વાર્ષિક ૬%ના સાદા વ્યાજ સાથે ચડયે ચડયુ વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૩) વાદીને થયેલ દાવાનો ખર્ચ તેમજ પ્રતિવાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજ તારીખ **૧૭મી**, માહે, **જાન્યુઆરી,** સને **૨૦૧૮**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ,
તા.૧૭/૦૧/૨૦૧૮,

( યોગેશ દુર્ગાપ્રસાદ ત્રિવેદી )
ત્રિજા અધિક જિલ્લા જજ
ત્રિજી અધિક જિલ્લા કોર્ટ
જુનાગઢ.
જી. જે. ૦૦૫૫૩

Pandya